

ના, ગરમીથી સૂકાઈ ગયેલાં વૃક્ષોની આ તસવીર નથી, પરંતુ સુકાઈને મૃત:પ્રાય થઈ ગયેલાં વૃક્ષો છે આ. બંને વૃક્ષો સૅક્ટર-૬ના મુખ્ય શોપીંગ સૅન્ટરની પાછળની તરફ છે અને સુકાઈને જોખમી હાલતમાં ઊભાં છે. આ વૃક્ષોને હટાવી દેવા માટે સ્થાનિક વસાહતી દ્વારા વન વિભાગને અરજ કરવામાં આવી છે, પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નથી. ચોમાસાની ઋતુ આવી પહોંચી છે ત્યારે જમીન પોચી થતાં આ વૃક્ષો કોઈ અકસ્માત સર્જે એ પહેલાં તેમનો અહીંથી નિકાલ કરવામાં આવે એવું સ્થાનિક લોકો ઈચ્છી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# દોલારાણા વાસણામાં જુગાર રમતા ૬ શકુનીઓ ઝડપાયા

## ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા છ જુગારીઓની ધરપકડ કરીને રૂ. ૨૧,૭૫૫ નો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામની સીમમાં કેટલાક શખ્સો ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસની ટીમે બપોરે દરોડો પાડીને છ જુગારીઓને ઝડપી લીધા હતા. ૬ નંગ મોબાઈલ, એક બાઈક તથા રોકડ મળીને રૂ. ૨૧,૭૫૫ના મુદ્દામાલ સાથે છ શકુનીઓની ધરપકડ કરીને પીએસઆઈ એમ.સી. ગોહીલે તપાસ શરૂ કરી છે.

ચિલોડા પોલીસની ટીમે બાતમીને આધારે બપોરે પોણા ચાર વાગ્યે દોલારાણા વાસણા ગામમાં દરોડો પાડ્યો હતો. છ જુગારીઓ બાજી માંડીને બેઠા હતા. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પરંતુ પોલીસે કોર્ડન કરીને તમામ જુગારીઓને ઝડપી લીધા હતા. ૬ નંગ મોબાઈલ કિં. રૂ. ૩૫૦૦, રૂ. ૧૦ હજારની કિંમતનું બાઈક અને દાવ પરના તથા અંગ જડતીમાંથી મળેલા રોકડ રૂ. ૮૨૫૫ મળીને કુલ રૂ. ૨૧,૭૫૫નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. અમદાવાદમાં રહેતા અમીર યાકુબ સાલેર, પ્રતાપજી જીવાજી ઠાકોર, જમીયતપુરામાં રહેતા મંગાજી રમેશજી ઠાકોર, સોમાજી ભીખાજી ઠાકોર, ખોરદ ગામમા રહેતા રાજેશ માણેકલાલ પટેલ અને સાદરા કલ્યાણપુરા વિસ્તારમાં રહેતા હિતેશ દિનેશ ચૌહાણ મળીને છ જુગારીઓને રંગેહાથ પકડી લઈને ચિલોડા પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલ હોસ્પિટલ પાર્કિંગમાં વીજ થાંભલા બંધ હાલતમાં

## અંધારાના લીધે વાહન ચાલકોને મુશ્કેલી વેઠવી પડે છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલ પાર્કિંગમાં અંધારપટ્ટ છવાયેલો રહે છે. પાર્કિંગમાં ઊભા કરાયેલ વીજ પોલ માત્ર શોભાના ગાંઠિયા સમાન છે. પાર્કિંગમાં અંધકાર છવાયેલો રહેતો હોવાથી અવાર-નવાર ચોરીના બનાવો પણ બનવા પામ્યા છે. પાર્કિંગના વીજ થાંભલા જલ્દી ચાલુ થાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અદ્યતન સુવિધાથી સજ્જ બની રહી છે. ત્યારે હોસ્પિટલનું પાર્કિંગ પણ અદ્યતન બનાવાયું છે. પાર્કિંગમાં રાત્રિના સમયે અંધારું ના રહે તે માટે વીજ પોલ પણ મુકવામાં આવ્યા છે. પરંતુ ઘણા સમય વિતવા છતાં વીજ થાંભલાની લાઈટો ચાલુ થઈ નથી. લાઈટ માટેના વીજ થાંભલા માત્ર શોભાના ગાંઠિયાની જેમ ઊભા છે. પાર્કિંગમાં વાહનો પાર્ક કરતાં વાહન ચાલકોને પણ ભારે અગવડતા ભોગવવી પડે છે. રાત્રીના સમયે અંધારું હોવાથી નાનીમોટી ચોરીના બનાવો પણ બનવા પામ્યા છે. અંધારાનો લાભ લઈ રાત્રીના મોડે સુધી અસામાજિક તત્વો પણ અહીં અડીંગો જમાવીને બેસી રહે છે. શહેરની હોસ્પિટલમાં આવેલ પાર્કિંગના વીજ થાંભલાની લાઈટો જલ્દી ચાલુ કરવામાં આવે તેવી લોકોની લાગણી અને માંગણી છે.

# ઘ-૫ ફૂડકોર્ટની બાકી દુકાનો ફાળવવા લારી ધારકોની માગ

## ૫૬ લાભાર્થીઓને હજુ પણ લાભ મળ્યો નથી

ગાંધીનગર, તા.૬

ઘ-૫ સ્થિત ફૂડકોર્ટની બાકી રહેલી ૫૬ દુકાનોની હરાજી ફરી બાકી રહેતા લાભાર્થીઓને આવરી લેવા ખાણી-પીણી બજારના શ્રમિકોએ માંગ કરી છે.

ઘ-૫ ખાણી-પીણી બજારના લારી ધારકોએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર ખાણી-પીણી બજારમાં ઉભી રહેતી લારીઓ સંદર્ભે વર્ષ ૧૯૯૬ અને ૨૦૦૫ દરમિયાન સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જયારે ત્યારબાદ ફૂડકોર્ટ નિર્માણની કામગીરીના અંતે ૯૬ દુકાનો તૈયાર કરવામાં આવી છે. જયારે થોડા સમય અગાઉ ડ્રોના અંતે ૯૬ પૈકી ૪૦ દુકાનો લાભાર્થીઓને ફાળવવામાં આવી છે. બાકીની ૫૬ દુકાનો હજુ સુધી કોઈને ફાળવામાં આવી નથી. જેના પરીણામે બાકી રહેતા અન્ય લાભાર્થીઓને અન્યાય થયો છે.

શહેરમાંથી દબાણો દૂર થાય તેમજ નાના વેપારીઓને પ્લેટફોર્મ મળી રહે તે માટે આ મામલે ત્વરિત દુકાનો ફાળવવાની પ્રક્રીયા હાથ ધરવા માંગ કરવામાં આવી છે. દુકાનોની ત્વરીત ફાળવણી નહીં થાય તો ૧૬ વર્ષથી ધંધો કરી પેટીયું રળતા શ્રમિકો પર મુસીબત આવી પડશે તેવી લાગણી પણ તેમણે વ્યકત કરી છે. સરકાર કક્ષાએથી ભાડાનો દર નિયત કરાશે તે મુજબ લારી ધારકો ભાડુ ભરપાઈ કરવા પણ તૈયાર છે. શ્રમિકોની લાગણી અને માંગણીને ધ્યાને લઈ ત્વરિત કાર્યવાહી હાથ ધરવા રજૂઆતમાં જણાવાયું છે.

## ગાંધીનગર પોસ્ટ ઓફિસમાં મેઘદૂત પોસ્ટકાર્ડનો દુષ્કાળ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની પોસ્ટ ઓફિસોમાં મેઘદૂત પોસ્ટકાર્ડ અસ્તિત્વમાં છે કે કેમ તે જ ખબર નથી.

મુખ્ય પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૬ માસથી નિયમિત તપાસ કરતાં મેઘદૂત પોસ્ટકાર્ડ ઉપલબ્ધ નથી તેમ જાણવા મળેલ છે. માહિતી માંગવામાં આવે તો જા બિલ્લી મોભામોભ જેવો ખો આપવામાં આવે છે. મેઘદૂત પોસ્ટકાર્ડ કયારે મળશે તે સિનિયર સિટીઝનો રાહ જોઇ રહ્યાં છે.

## ગાંધીનગરમાં ૨૦મીએ ડાક અદાલત

ગાંધીનગર, તા. ૬

ટપાલ સેવાને લગતાં પ્રશ્નોના નિરાકરણ માટે. સિનિયર સુપ્રિન્ટેન્ડેટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડિવિઝન ગાંધીનગર સેક્ટર-૧૧ ખાતે તા. ૨૮મી જૂનના રોજ બપોરે ૧૫ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

આ અદાલતમાં ટપાલ સેવાઓની ફરિયાદો સાંભળવામાં આવશે. તા. ૨૦મી જૂન સુધીમાં મળી જાય તે રીતે ફરિયાદોને ધ્યાને લેવામાં આવશે નહિ.

# ઘ-૨થી ઘ-૩ વિસ્તારમાં આવતી દુર્ગંધથી આસપાસના રહિશો અને રાહદારીઓ ત્રસ્ત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં ઘ-૨ થી પથિકાશ્રમ ઘ-૩ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધથી આસપાસના રહીશો પરેશાન થઈ ગયા છે. સેક્ટર-૬માં વનવિભાગ દ્વારા ફેન્સીંગની વાડ બાંધીને છોડ ઊછેર માટે જગ્યા રક્ષિત કરેલ છે. આજ વિસ્તારમાં સેક્ટર-૭, ૬, ૨, ૩ માં ફેન્સીંગથી રક્ષિત કરેલ ખુલ્લી જગ્યામાં મજુરો/શ્રમિકો અડ્ડો જમાવીને બેઠા છે. આ મજુરો દ્વારા સેક્ટર-૬માં ઘ-૨ થી ઘ-૩ સર્કલ તરફ જતા ખુલ્લા અને વનવિભાગે રક્ષિત કરેલ જગ્યામાં શૌચક્રિયા કરી ગંદકી ફેલાવે છે. આ વિસ્તારની બાજુના રોડ પરથી પસાર થતા નગરજનો આવતી અસહ્ય દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ગયા છે. આમ છતાં શૌચાલયના તાળા હજુ ખુલ્યા નથી

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરના ઘ-માર્ગ પર ઘ-૨ સર્કલથી ઘ-૩ વિસ્તારમાં પ્રવર્તેલી ગંદકીના લીધે આવતી દુર્ગંધથી શહેરીજનો ત્રાસી ગયા છે. સેક્ટર-૭, ૬, ૩, ૨ ના વન વિભાગ દ્વારા કરેલ રક્ષિત જગ્યામાં મજુરો અડ્ડો જમાવીને બેઠા છે. અને આ મજુરો આખા દિવસ દરમ્યાન કામ અર્થે બહાર હોય છે.

સવારે દેહધાર્મિક ક્રિયા કર્યા બાદ પાછા કામ પર જવા રવાના થાય છે. આ મજુરો સવારના ટાણે સેક્ટર-૬ પેટ્રોલપંપની આસપાસ અને ૬/૭ બસસ્ટેન્ડથી પથિકા તરફ જતા માર્ગની બાજુમાં ખુલ્લામાં શૌચક્રિયા માટે જાય છે. જેના પરિણામે ગંદકી થવાના કારણે આસપાસના વાતાવરણમાં અસહ્ય દુર્ગંધ ફેલાય છે. માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ અને આસપાસના રહીશો પણ તોબા પોકારી ગયા છે.

આ અંગે ઘણીવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતાં કોઈ પણ પ્રકારના પગલા લેવાયા નથી. જાહેર શૌચાલય વર્ષોથી બંધ હાલતમાં છે. છેલ્લા ઘણા વર્ષોથી આસપાસના રહિશો ગંદકીના લીધે ગુંગળામણ અનુભવી રહ્યા છે. શૌચાલયનું તાળુ ખોલવા તંત્ર હજુ સુધી હરકતમાં આવ્યું નથી. શું તંત્ર આ શૌચાલય શરૂ કરવા મુરતની રાહ જુએ છે કે કેમ ? તે સમજાતું નથી. આસપાસના રહિશો આ બાબતે તંત્ર કોઈ પગલા ભરે તેવી માંગણી કરી રહ્યા છે.

# પેન્શનર્સના મેડીકલ બીલના નાણા બાબતે અધિકારીઓનો સકારાત્મક અભિગમ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની મેડીકલ બીલના નાણા મેળવવા માટે ઘણી તકલીફો પડે છે તેવી રજૂઆતને ધ્યાને લઈ સ્થાનિક અધિકારીઓએ પેન્શનર મિત્રોને આશ્વાસન આપી સકારાત્મક વલણ સાથે દરેકને મુશ્કેલી ન પડે તેવી ખાતરી આપી હતી.

મેડીકલ બીલના નાણા મેળવવામાં મુશ્કેલી ન પડે, નાની નાની બાબતોમાં વાંધા લેવામાં ન આવે તેવી રજૂઆત પેન્શનર્સ સમાજના પ્રમુખે પેન્શન કચેરીના બંને અધિકારીઓની રૂબરૂ મુલાકાત સાથે કરી હતી. તેમણે જણાવ્યું કે એક હજારથી ઓછી રકમના મેડીકલ બીલમાં સિવિલ સર્જનની સહી માંગવામાં આવતી નથી અને હવે માંગવામાં આવશે નહીં. એક જ રોગ માટે જુદા જુદા પેન્શનર્સની અલગ અલગ દવાની કિંમત જુદી હોય અને જે તે દવાની રકમ મળવા પાત્ર હોય, સંબંધિત ડોકટર અને સિવિલ સર્જનની સહી હોય તે આવા મેડીકલ કલેમ હવે અટકાવવામાં આવશે નહીં.

તારીખ ૧ થી ૧૫ મી સુધીમાં મેડીકલ બીલના નાણા તારીખ ૨૦ સુધીમાં અને ૧૬ થી ૩૦/૩૧ સુધી રજૂ થતાં મેડીકલ બીલના નાણા પછીના મહિનાની ૫મી તારીખ સુધીમાં જમા થઈ જશે એમ અધિકારીઓ દ્વારા જણાવાયું હતું.

# ટોરોન્ટ પાવરની સેવાઓ સામે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદનો આક્રોશ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર અને અમદાવાદ શહેરમાં વીજળી આપી ટોરેન્ટ પાવર સંસ્થા નાગરિકો અને ગ્રાહકોને યોગ્ય વીજ સેવાઓ આપતા નથી અને અવારનવાર વીજળીના બીલમાં ભાવ વધારો કરે છે. આથી વીજળી વપરાશકારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે તેમ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ સંસ્થાએ આક્રોશપૂર્વક પોતાની રજૂઆતમાં જણાવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ટોરેન્ટ પાવર વાપરનાર ગ્રાહકોને યોગ્ય સંતોષ આપતી નથી. ઉનાળામાં પાવર ડુલ થઈ જાય છે. ક્યારેક પાવરમાં વધઘટ થાય છે. વિજળીના બીલમાં છાશવારે ૩ થી ૫ રૂપિયા વધારે છે. જ્યારે કોલસાના ભાવ ઘટે ત્યારે બીલમાં યુનિટ દીઠ ઘટાડો પણ નથી કરતા અને ટોરેન્ટ પાવરના અધિકારી અને મેનેજર પોતાની મનમાની ચલાવી રહ્યા છે. સેક્ટર-૧ થી ૩૦મા અંદર થાંભલા ટોરેન્ટ પાવરના ૧૫૦ થી ૨૦૦ બંધ હાલતમાં હોયછે. જ્યારે શહેરના મુખ્ય માર્ગ ઘ, ચ, ખ, ગ મા આડા અને ઉભા રોડ પર ૨૫ થી ૩૦ થાંભલા બંધ હાલતમાં છે. જ્યારે આ બાબતે કોઈ ફરિયાદ કરવામાં આવે તો ૧૦ દિવસથી વધુ સમય લે છે. ગાંધીનગર શહેરમાં આવેલા બાગમાં લાઈટના થાંભલા નાંખેલ છે. તેની લાઈટો મહિના સુધી બંધ રહે છે. ટોરેન્ટ પાવર અને ગાંધીનગર વીજળી વિભાગ, પાટનગર યોજના ધ્યાન આપતુ નથી. અને શહેરીજનોને ભોગવવું પડે છે. અવારનવાર ટોરેન્ટ પાવરનો વિજપુરવઠો બંધ થવાથી વસાહતી ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

# ગગન પેલેસ ગેસ્ટ હાઉસમાં એસ.ઓ.જી.નો દરોડો

## યુવતીઓના આઈ.ડી. પ્રુફ લેવાતા નહોતા : ગેસ્ટહાઉસ માલિક વિરૂધ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલા નાના ચિલોડા ખાતે સ્થિત ગગન પેલેસ ગેસ્ટ હાઉસમાં ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. બી.એલ. ચાવડાની સુચનાથી એસ.ઓ.જી.ના હે.કો. ગૌતમભાઈ, જયંતીભાઈ, સિરાજભાઈ તથા સ્ટાફના માણસોએ દરોડો પાડી આકસ્મિક ચેકીંગ કર્યું હતું. ગગન પેલેસમાં આવતી યુવતીઓના આઈ.ડી. પ્રુફ કે અન્ય કોઈ આધાર કે રેકોર્ડ રજીસ્ટરમાં નોંધવામાં આવતા ન હોવાનું બહાર આવતા ગેસ્ટહાઉસ માલિક રતિલાલ ડાભી વિરૂધ્ધ જિલ્લા કલેકટરનાં જાહેરનામાનાં ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ડભોડા પોલીસે ગેસ્ટહાઉસ માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બેંક ઓફ બરોડા ગેઝીયા શાખાના મેનેજર કેરાલા બેઠકમાં જોડાશે

ગાંધીનગર, તા.૬

ઓલ ઈન્ડીયા બેંક ઓફ બરોડા ઓફીસર્સ એસોસએશન દ્વારા તા. ૯મી જૂનથી ૧૧મી જૂન ૨૦૧૩ સુધી બેંક ઓફ બરોડાની ૫૮મી સેન્ટ્રલ કમિટીની બેઠક યોજાશે.

કેરાલા મુકામે સેન્ટ્રલ કમિટીની ત્રણ દિવસની બેઠકમાં બેંક મેનેજમેન્ટ અને અધિકારીઓના વિવિધ પ્રશ્નો તથા પાસાની વિસ્તૃત ચર્ચાઓ થશે તથા તેનો મેનેજમેન્ટને રીપોર્ટ આપવામાં આવશે. ગાંધીનગર સ્થિત બેંક ઓફ બરોડાની સેકટર-૨૫ ખાતે આવેલી ગેઝીયા શાખાના મેનેજર યશેષ વૈષ્ણવ પણ સેન્ટ્રલ કમિટી મેમ્બર તરીકે પસંદગી પામ્યા છે અને અમદાવાદ સીટી રિજીયનના અન્ય સેન્ટ્રલ કમિટી મેમ્બર્સ સાથે બેઠકમાં હાજરી આપશે એમ પ્રાપ્ત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# ગાંધીનગર જિલ્લાની હદમાં ઠેર ઠેર પોલીસના વાહનચેકીંગથી ચાલકો ત્રાહીમામ

## મહિનો બદલાતા જ હાથ ધરાતા ચેકીંગથી મુસાફરોમાં આશ્ચર્ય, ચેકીંગનો જુદો પ્રકાર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તેમજ આજુબાજુના વિસ્તારમાં પોલીસ દ્વારા વાહનચેકીંગ હાથ ધરાય છે. પરંતુ આ વાહનચેકીંગ મહિનો બદલાતા જ સઘન રીતે શરૂ થઈ જતાં મુસાફરોમાં આશ્ચર્ય ફેલાઈ રહ્યું છે. ગાંધીનગરના પ્રવેશ દ્વારોથી શરૂ કરી જિલ્લાની હદોમાં જુદી જુદી પોલીસ માર્ગો ઉપર પોલીસ જીપ લઈ ઉભી થઈ ગયેલી નજરે પડી રહી છે. જેમાં લકઝરી, શટલીયા જીપો, પર પ્રાંતિય વાહનો, ઓવર લોડીંગ ટ્રકો વધારે પ્રમાણમાં ચેકીંગ થતું હોવાનું જાણવા મળ્યું છે. છતાં પણ થોડી જ વારમાં આ વાહનો ત્યાંથી જે તે સ્થિતિમાં રવાના થતાં હોવાનું પણ લોકોએ નજરે નિહાળ્યું હોવાનું જણાવી રહ્યા છે. જેથી આ ચેકીંગમાં કંઈ પદ્ધતિ અપનાવાય છે તે પ્રશ્ન લોકોને મુંઝાવી રહ્યો છે.

મળેલ વિગત મુજબ ગાંધીનગર જિલ્લાની હદમાં જુદી જુદી પોલીસ દ્વારા ખાનગી વાહનોનું મહિના મુજબ ચેકીંગ થતું હોવાનું લોકો જણાવી રહ્યા છે. ગાંધીનગરના ૩૦ સર્કલ, પ્રેસ સર્કલ, ચિલોડા સર્કલ, દહેગામ તરફ, છાલા, ચંદ્રાલા, ગિયોડ વગેરે સ્થળોએ મહિનામાં આંતરે દિવસે અલગ અલગ વિભાગની પોલીસ દ્વારા ખાનગી વાહનોને ઉભા રાખી ચેકીંગ કરાય છે.

જો કે મુસાફરોનું કહેવું છે કે ચેકીંગ એ પોલીસની ફરજ છે અને સારી બાબત છે. પરંતુ ભરેલી શટલીયા જીપો, ઓવર લોડીંગ ટ્રકો તથા લકઝરીઓ જે તે સ્થિતિમાં જ પોલીસ પાસેથી ચેકીંગ કરાવી પસાર થઈ જાય છે જેથી આ ચેકીંગ કેવા પ્રકારનું થાય છે તે આશ્ચર્ય ઉપજાવે છે. આ અંગે જિલ્લા પોલીસવડા કે વિભાગીય નિરીક્ષક ખાનગી રીતે તપાસ હાથ ધરે તો મામલો અન્ય નીકળવાની સંભાવના મુસાફરો વ્યક્ત કરી રહ્યા છે. પ્રથમથી જ ખાનગી મુસાફરીનો છુટોદોર આપી બાદમાં રસ્તા વચ્ચે વાહન ઉભુ કરાવી દેવું તે યોગ્ય પ્રક્રિયાન ન હોવાનો મત પણ મુસાફરોએ રજુ કર્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યે જવાની હૈ દિવાની : ૮.૫૦, ૩.૨૦,૬.૩૫, ૯.૫૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૫

: સ્ક્રીન-૨ :
યમલા પગલા દિવાના ૨ : ૮.૫૦, ૩.૦૫, ૯.૩૫
યે જવાની હૈ દિવાની : ૧૧.૫૦
આફટર અર્થ (હિન્દી) : ૬.૨૦

: સ્ક્રીન-૩ :
આફટર અર્થ(હિન્દી) : ૧૦.૨૦, ૩.૦૫
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૨.૩૫
યમલા પગલા દિવાના ૨ : ૫.૨૦
યે જવાની હૈ દિવાની : ૮.૩૫

: સ્ક્રીન-૪ :
યમલા પગલા દિવાના ૨ : ૯.૩૫, ૧૨.૫૦, ૭.૨૦
યે જવાની હૈ દિવાની : ૪.૦૫
આફટર અર્થ(હિન્દી) : ૧૦.૩૫

### સૂર્યા, વાવોલ

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રામદાસ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યે જવાની દિવાની : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
યમલા પગલા દિવાના : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
યે જવાની દિવાની : ૧.૦૦

: સ્ક્રીન-૩ :
આશિકી-૨ : ૧૦.૧૫
યમલા પગલા દિવાના : ૧.૦૦
યે જવાની દીવાની : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ચિરાગ, કલોલ

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર વિમર્શ થઈ શકશે. બુદ્ધિ, તર્ક અને વિચાર શક્તિનો સદુપયોગ તમારા જીવનમાં સકારાત્મક પરિણામ પ્રદાન કરશે. વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**વૃષભ** : ગુસ્સા પર કાબૂ રાખવો. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. લાંબી યોજનાઓનું અમલીકરણ નહીં થાય. તેથી તેનાથી દૂર રહો. વિશેષ ઉન્નતિકારક યોગના કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે.

**મિથુન** : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે.

**કર્ક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : વિશેષ નાણાંકીય વિચાર-વિમર્શનો યોગ, આર્થિક ક્ષેત્રમાં લાભદાયક કાર્ય થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગદોડ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**વૃશ્ચિક** : તમારા કાર્યોની પ્રશંસા થશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. માંગલિક, ધાર્મિક કાર્યમાં અડચણની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશો. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે.

**ધન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે. કાર્યની પ્રત્યે દઢતા તમને આજે કાર્યમાં અનુકૂળ સફળતા અપાવી શકે છે. સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદોથી બચવું. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : નવા કાર્યો માટે ભાગદોડ રહેશે. ભાગીદારીથી વિશેષ લાભ મળશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : ભૌતિક સુખ પ્રાપ્તિ થશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થશે.

## ચિરવિદાય

- સ્વ. રવાજી જોઈતાજી ઠાકોર (ઉ.વ. ૬૨) મુ.પો. રૂપાલ , તા. જિ. ગાંધીનગર.